ગાંધીનગર સમાચાર
તા. ૨૩-૨-૨૦૧૫, સોમવાર

તંત્રી સ્થાનેથી....

તંત્રને લાગેલી ઊધઈનો કાયમી ઉકેલ જરૂરી

કેન્દ્રના પેટ્રોલિયમ વિભાગના ગુપ્ત દસ્તાવેજોને ચોરીછૂટીથી તફડાવી ખાનગી ઓઇલ કંપનીઓને વેચવાનો ધંધો કરવાનું ષડ્યંત્ર પકડી પાડીને દિલ્હી પોલીસે પ્રશંસનીય કામગીરી બજાવી છે. દિલ્હીના ઉત્સાહી પોલીસ કમિશ્નર બસ્સી માટે એમનું આ સાહસ એમની કારકિર્દીનું છોગું પણ બની શકે અને જો કેન્દ્રની ભાજપ સરાકરને પોતાની પોલંપોલ ખૂલી જતા લાગે તો આ કામગીરી બસ્સીની કારકિર્દી માટે બૂમરેંગ પણ થઇ શકે. વર્ષોથી કેન્દ્ર સરકાર તેમજ રાજય સરકારોની ગોપનીય માહિતી લીક કરવાનાં પદ્ધતિસરનાં કાવતરાં ચાલતાં જ રહ્યાં છે પરંતુ છીંડે ચડ્યો તે ચોર. પેટ્રોલિયમ વિભાગમાં ચાલતા ભ્રષ્ટાચાર વિશે જેટલું કહીએ એટલું ઓછું લેખાશે. ભ્રષ્ટાચારની ઊધઇ સમગ્ર તંત્રને લાગેલી છે પરંતુ પેટ્રોલિયમ ખાતું એની ખાયકી માટે વિશેષ બદનામ થયેલું છે. ખાનગી ઓઇલ કંપનીઓ સરકારી તંત્ર સાથે સાંઠગાંઠ રચીને પોતાનો ફાયદો રળી લેવાના કારસા કરતી રહે છે જેમાં રિલાયન્સ જેવી પ્રતિષ્ઠિત કંપની પણ બાકાત નથી. બલકે આવાં મોટાં ઉદ્યોગગૃહો તો સરકારના પટાવાળાથી લઇ પ્રધાન સુધીની લિંક સાચતવી રહે છે. વાર-તહેવારે એ બધાને એમના દરજ્જા મુજબની ભેટ સોગાદો પહોંચી જતી હોય. આને 'વહેવાર' જેવું રૂપકડું નામ આપી દેવાયું છે. આજે સરકારી તંત્રમાં 'વહેવાર' વગર કોઇ કામ પતી શકતું નથી તે જગજાહેર છે. પરંતુ વહેવાર કરતાં એક ડગલું આગળ વધીને સરકારી વિભાગની ગુપ્ત ફાઇલોની ઉઠાંતરી કરવી, એની ઝેરોક્ષ નકલો લાભાર્થી કંપનીઓને પહોંચાડી દેવી - એ તો કોઇ પણ દેશની પ્રજા માટે શરમજનક બાબત જ ગણાય. પેટ્રોલિયમ વિભાગમાં આ પ્રકારની ચોરી રાતના સમયે ડુપ્લીકેટ ચાવીઓ મારફત બંધ ઓફિસોનાં તાળાં ખોલીને કરાતી હોવાનો ઘટસ્ફોટ થતાં સરકાર હચમચી જવી જોઇતી હતી, એને બદલે કેન્દ્રિય પેટ્રોલિયમ મંત્રી અને સચિવ ટાઢા કાળજે જે કોઇ જવાબદાર ઠરશે એની સામે કડક કાર્યવાહી કરવાની વાત કરી ચૂપ થઇ જાય છે. આખો વિભાગ ભૂટી ગયેલો હોય ત્યાં કોણ કોની સામે પગલાં લેશે, તે પ્રશ્ન છે. દોષનો ટોપલો નાના માણસોના શિરે ઓઢાડી દઇ મોટા મગરમચ્છો સલામત બની જાય, એને કોઇ કાર્યવાહી કહેતું હોય તો એને મુબારક. આ મુદ્દે ખુદ વડાપ્રધાને વેળાસર હસ્તક્ષેપ કરવો જોઇએ જો કે આત્મરતિમાં ઉલઝેલા વડાપ્રધાન આટલી કડકાઇ દાખવી શકશે કે કેમ એ પ્રશ્ન છે. ભાજપ સરકારમાં વડાપ્રધાનથી લઇ રાજ્યકક્ષાના મંત્રી સુધી બધાને બધી જ બાબતોમાં પુરોગામી કોંગ્રેસ સરકાર જ દોષિત લાગે છે. પેટ્રોલિયમ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને પણ એવા જ મતલબની રજૂઆત કરીને પોતાની જાતને હાસ્યાસ્પદ પુરવાર કરી છે. આગામી બજેટ સત્રમાં આ મુદ્દે વિપક્ષો આક્રમક વલણ અપનાવશે ત્યારે સરકાર માટે જવાબ આપવો અઘરો થઇ પડશે તે નક્કી છે. બનવાજોગ કે પકડાયેલા આરોપીઓ પૈકી કોઇને ધાકધમકી આપીને તેઓ કોઇ જૂના કોંગ્રેસી મંત્રી કે આગેવાનના ઇશારે આ પ્રવૃત્તિ કરવા પ્રેરાયા હોવાનું અથવા પોતાની પ્રવૃત્તિ દ્વારા એવા લોકોને લાભ પહોંચાડવાનું કામ કરી રહ્યા હોવાનું નિવેદન કરી-કરાવી પોતાના ઉપર આવેલ આફતને અવસરમાં ફેરવી દેવા જરૂર મથશે. આવી ગંભીર બાબતને રાજકીય રંગે જોયા વિના દેશહિત સંદર્ભે જ એની તટસ્થ તપાસ કરાવાય અને સાચા ગુનેગારોને શોધી કાઢી એમને કડક સજા કરવામાં આવે તે જરૂરી છે.

ગુજરાત સ્ટેટ બાયોટેકનોલોજી મિશન દ્વારા કડી ખાતે આંતર કૉલેજ સ્પર્ધાઓ યોજાઈ

૧૨૦૦થી વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધો

ગાંધીનગર, તા. ૨૨

સર્વ વિદ્યાલય કેમ્પસ,કડીની પ્રમુખ સ્વામી સાયન્સ એન્ડ એચ.ડી.પટેલ આર્ટ્સ કોલેજ, એચ.વી.એચ.પી. ઇન્સ્ટીટ્યુટ ઓફ પોસ્ટ ગ્રેજયુએટ સ્ટડીઝ એન્ડ રીસર્ચ, ખાતે ગુજરાત સ્ટેટ બાયોટેકનોલોજી મિશન, ડીપાર્ટમેન્ટ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી અને માઈક્રોબાયોલોજી સ્ટડી સર્કલ, જે એન્ડ જે કોલેજ, નડિયાદ દ્વારા આયોજિત રાજય કક્ષાની આંતર કોલેજ સ્પર્ધાઓ યોજાઈ હતી. રાજયના વિવિધ સાયન્સ કોલેજોના ૧૨૦૦ થી વધુ વિદ્યાર્થીઓએ સેમિનાર, એક્ટેમ્પોર સ્પીચ, આર્ટીકલ લેખન, બાયો-ક્વિઝ તથા સાયન્સ-કાર્ટૂન જેવી વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લીધો હતો. આ સ્પર્ધા માટે ઈબોલાને જાણો - ઈબોલાને ભગાડો, બાયો-ઉદ્યોગ સાહસિકતા, ભવિષ્યની જરૂરિયાત, હેલ્થ બેન્ક અને સ્વછતા અભ્યાનમાં બાયોટેકનોલોજીનો ઉપયોગ જેવા વિષયો રાખવામાં આવ્યા હતા.

આ પ્રસંગે સંસ્થાના ચેરમેનશ્રી વલ્લભભાઈ પટેલે જણાવ્યું હતું કે વિદ્યાર્થીઓને તેમની મૌલિકતા ખીલવવાની તક મળવી જોઈએ. પર્યાવરણને લગતી આજની સમસ્યાઓનો ઉકેલ આજના યુવાનોના સંશોધનો થકી જ મેળવી શકાશે તેવી આશા વ્યક્ત કરી હતી. આ પ્રસંગે ઉપસ્થિત હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સીટી ના કુલપતિએ વિજ્ઞાનના વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરતાં જણાવ્યું હતું કે સારા ફળ- સારું પરિણામ શ્રેષ્ટ સ્પર્ધાઓ બાદજ મેળવી શકાય છે. ગુજરાત સ્ટેટ બાયોટેકનોલોજી મિશનના ડાયરેક્ટરશ્રી એસ.એન.ત્યાગી સાહેબે જણાવ્યું હતું કે બાયો-સાયન્સના અભ્યાસ બાદ વધુને વધુ વિદ્યાર્થીઓ બાયો-એન્ટ્રેપ્યોનર (ઉદ્યોગસાહસિક) બને અને વધુ એમ્પ્લોયમેન્ટ ઉભું કરે તે જરૂરી છે. માયક્રોબાયોલોજી સ્ટડી સર્કલના ચેરપર્સન ડૉ.શિલ્પા જાની એ સ્ટડી સર્કલની વિવિધ એક્ટીવીટીની જાણકારી આપી હતી.

સંસ્થાના પ્રિન્સિપાલ ડૉ.અજય ગોરે સ્વાગત પ્રવચનમાં જણાવ્યુ હતું કે વધુ શ્રેષ્ઠ સ્પર્ધા માટે રાજય સ્તરની આ સ્પર્ધા આવતા વર્ષથી રાષ્ટ્રીયકક્ષાની આંતર કોલેજ સ્પર્ધા તરીકે યોજાય તો વિદ્યાર્થીઓને દેશની શ્રેષ્ઠ કોલેજો -યુનીવર્સીટીઓના વિદ્યાર્થીઓ અને અધ્યાપકો સાથે ચર્ચા-વિચારણા કરવાનો અવસર પ્રાપ્ત થાય. ડૉ. મીનલ ત્રિવેદીએ ગુજરાત સ્ટેટ બાયોટેકનોલોજી મિશન અને સ્પર્ધા સાથે સંકળાયેલ સર્વે સંસ્થાઓનો આભાર માન્યો હતો.

પરગજુને પ્રેમ... મંદબુદ્ધીના બાળકોની સંસ્થા માનવ સ્મૃતિમાં વેલેન્ટાઈન ડે ના દિવસે ગાંધીનગરના યુવાનોની એક ટીમ પ્રેમનું એક સુંદર ઉદાહરણ ઉભું કરી આવી... આ યુવાનોએ કોઈ બગીચામાં ગુટુરગુ કરવાની જગ્યાએ મંદબુદ્ધીના બાળકો સાથે મરતો રમ્યાં, વિડીયો બતાવ્યાં અને રબડી-ફરસાણનો મસ્ત નાસ્તો કરાવ્યો... પ્રેમ એ માત્ર એક યુવાન છોકરા-છોકરી વચ્ચે જ નથી હોતો પણ સમાજમાં ઉપેક્ષીત અને કુદરતથી માર ખાધેલાને પણ થઈ શકે છે એવું આ કોઈપણ નામઠામની ઈચ્છા વગરના યુવાનોએ કરી ખરા અર્થમાં વેલેન્ટાઈન ડે મનાવ્યો. (તસવીર : સંજય થોરાત)

કોલવડાની કે.કે. પટેલ વિદ્યાલયમાં માતૃભાષા દિવસ ઉજવાયો

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર તાલુકાના કોલવડા ખાતે કે.કે. પટેલ વિદ્યાલય ખાતે 'માતૃભાષા ગૌરવ દિન'ની ઉજવણી કરવામાં આવી હતી. આ ઉજવણીમાં શાળાના આચાર્યા ભાવનાબા વાઘેલાએ વિદ્યાર્થીઓને રોજબરોજના ચલણમાં વધી રહેલા અંગ્રેજીના પ્રભાવ અને વાલીઓની બાળકોને અંગ્રેજી માધ્યમમાં ભણાવવાની ઘેલછા વગેરે દૃષ્ટાંત સહિત રજૂ કરી માતૃભાષા ગુજરાતીના સાહિત્ય વૈભવનું મહત્વ સમજાવ્યું હતું. તેમણે વિશ્વમાં ગુજરાતીઓ જ્યાં જ્યાં રહે છે ત્યાં ગુજરાતી ભાષા જીવંત રહેતી હોવાનું જણાવ્યું હતું. આ કાર્યક્રમમાં ધોરણ-૯ થી ૧૨ ના લગભગ ૪૦ જેટલા વિદ્યાર્થીઓએ લેખક પરિચય, કવિ પરિચય, લોકગીતો, ગઝલ, કણ-છંદ વગેરે પ્રસ્તુત કર્યા હતા અને કાવ્ય પઠન કર્યું હતું. આ કાર્યક્રમનું સંચાલન શિક્ષક પ્રકાશ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

ચૌધરી કોલેજમાં ૧૯મો વાર્ષિક રસોત્સવ યોજાયો

ગાંધીનગર, તા. ૨૨

પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજ ખાતે ૧૯મો વાર્ષિક રસોત્સવ યોજાયો હતો. તા. ૧૯-૨-૨૦૧૫ને ગુરૂવારના રોજ ૧૯મો વાર્ષિક રસોત્સવ, ઈનામ વિતરણ અને શુભેચ્છા સમારોહ યોજાયો હતો.

કોલેજની વિદ્યાર્થીનીઓએ સરસ્વતીવંદન, કથ્થકનૃત્ય, રાજસ્થાની નૃત્ય, ગરબો, ચરુનૃત્ય, રાસ, વિવિધ રાજ્યોના પહેરવેશ આધારિત ફેશન શૉ, કોમેડી નૃત્ય, ફ્યુઉન ડાન્સ તેમજ અન્ય પરંપરાગત અને આધુનિક ગીતો પર નૃત્ય કરી ખૂબજ ઉત્સાહપૂર્વક રસોત્સવ ઉજવ્યો હતો. તેમજ શૈક્ષણિક, રમત-ગમત, એનસીસી, એનએસએસ, સમધારા સી.ડબલ્યુ.ડી.સી. તેમજ અન્ય કોલેજની પ્રવૃત્તિઓમાં ભાગ લઈ શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર વિદ્યાર્થીનીઓને સંસ્થાના પ્રમુખશ્રી મણિભાઈ કે. ચૌધરી, ઉપપ્રમુખ અખિલ ભારતીય આંજણા મહાસભાના પ્રમુખશ્રી હરિભાઈ વી. ચૌધરી તેમજ સંસ્થાના કેમ્પસ ડાયરેક્ટર પંચાલ, મુખ્ય મહેમાન મનીષા પુવાર (પીએસઆઈ) ગાંધીનગરના હસ્તે ઈનામ આપી સન્માનિત કરાયા હતા.

ગજાનન સેવા સમિતિનું સેવાકીય પગલું

ગાંધીનગરની ગજાનન સેવા સમિતિ દ્વારા માનવ પરિવારના સભ્યો સાથે ભિલોડા તાલુકાની ૧૨ ગામની શાળામાં શૈક્ષણિક કીટનું વિતરણ કર્યું હતું. જેમાં દેવની મોરી, ત્રેપન છાપરા, નવલપુર, નવી ભેટાલી, નવા ગામ વસઈ સહિત ગામની શાળાના ૮૨૩ બાળકોને પેન્સિલ, ફુટ, કંપાસ, બેગ સહિત વિતરણ કર્યું હતું.

ઓમકાર ઈન્ટરનેશનલ સ્કૂલમાં સ્વાઈન ફ્લુ જાગૃતિ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગરના લેકાવાડા ખાતે આજે ઓમકાર ઈન્ટરનેશનલ સ્કૂલમાં 'સ્વાઈન ફ્લુ' જાગૃતિ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં સ્વાઈન ફ્લુ પ્રતિરોધક માસ્કનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં શાળાના તમામ વિદ્યાર્થીઓ, તેમના વાલીઓ તથા કર્મચારી ગણને સ્વાઈન ફ્લુ રોગ અંગે સમજણ આપી તેનાથી બચવા માટેના ઉપાયોની જાણકારી આપવામાં આવી હતી. આ સાથે તમામને પ્રતિરોધક માસ્કની ઉપયોગિતા તેમજ સાવચેતી-તકેદારીની સમજ આપવામાં આવી હતી.

સેક્ટર-૧૭ તક્ષશિલા વિદ્યાલય દ્વારા બે દિવસીય શૈક્ષણિક પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રવાસમાં ધોરણ-૯ અને ૧૦ના વિદ્યાર્થીઓ જોડાયા હતા. વિદ્યાર્થીઓને અદાણી પોર્ટ, અદાણી પાવર પ્લાન્ટ, મુન્દ્રા ફોર્ચ્યુન ખાદ્યતેલ રીફાઈનરી સહિતની જોવાલાયક કંપનીઓનું નિદર્શન કરાવ્યું હતું. સમગ્ર પ્રવાસનું આયોજન અદાણી ફાઉન્ડેશન દ્વારા કરવામાં આવ્યું હતું. અદાણી દ્વારા પ્રવાસમાં જોડાયેલ વિદ્યાર્થીઓને કેપ અને ટી-શર્ટ આપવામાં આવી હતી.

ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષપદે ભારે બહુમતીથી શિક્ષણ મહર્ષિ ડૉ. સી. એલ. પટેલનો જ્વલંત વિજય

વલ્લભ વિદ્યાનગર, તા. ૨૨

ગુજરાતના સૌથી વિશાળ શિક્ષણસંકુલ ચારુતર વિદ્યામંડળ (સીવીએમ)ના વર્ષ ૧૯૯૪થી સતત દર ત્રણ વર્ષની મુદત માટે ચૂંટાતા રહેતા દીર્ઘદ્રષ્ટા ૮૦ વર્ષીય અધ્યક્ષ ડૉ.સી.એલ.પટેલ રવિવાર, ૨૨ ફેબ્રુઆરી ૨૦૧૫ના રોજ અધ્યક્ષપદ માટે થયેલી ચૂંટણીને અંતે ભારે બહુમતીથી વિજયી થયા હતા. હવે વર્ષ ૨૦૧૮ સુધી તેઓ ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષપદે સેવારત રહેશે.

ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષની આગામી ત્રણ વર્ષની મુદત માટેની ચૂંટણીમાં વર્તમાન અધ્યક્ષ ડૉ.સી.એલ.પટેલ સામે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ શ્રી કે.જી.પટેલે ઉમેદવારી કરી હતી. સીવીએમના કુલ ૧૮૦૯ સભાસદોએ મતદાન કર્યું અને તેમાંથી ડૉ.પટેલને ૧૪૮૯ મત અને શ્રી કે.જી.પટેલને ૩૧૨ મત મળ્યા હતા. અધ્યક્ષપદે ડૉ.સી.એલ.પટેલનો ૧૧૭૭ મતથી વિજય થયો હતો. કુલ થયેલા મતદાનમાંથી ૮ મત રદ થયા હતા.

ઉચ્ચ શિક્ષણના માધ્યમથી ચરોતરની ગ્રામીણ પ્રજાના આર્થિક ઉત્થાન માટે છેક ૧૯૪૫માં સરદાર પટેલની પ્રેરણાથી પૂજ્ય ભાઈકાકા અને પૂજ્ય ભીખાભાઈ સાહેબે સ્થાપેલા ચારુતર વિદ્યામંડળ અને વલ્લભ વિદ્યાનગરમાં એકવીસમી સદીને અનુરૂપ અત્યાધુનિક સુવિધાઓવાળી શિક્ષણની સંસ્થાઓ અને અભ્યાસક્રમોનું સુપેરે સંચાલન અને વિકાસ સાધીને શિક્ષણમહર્ષિ ડૉ.પટેલે આધુનિક શિક્ષણના શિલ્પી તરીકેનું બહુમાન મેળવ્યું છે. વિજયી થયા પછી વિનમ્રભાવે પ્રતિભાવ આપતાં ડૉ.સી.એલ.પટેલે કહ્યું હતું કે આવતાં ત્રણ વર્ષ દરમિયાન ચારુતર વિદ્યામંડળના નેજા હેઠળની પચાસ જેટલી સંસ્થાઓને સુદઢ કરવા અને આવતી સદીને અનુરૂપ વિશ્વસ્તરની શિક્ષણની સુવિધાઓ ઘરઆંગણે ઉપલબ્ધ કરાવવા પર ભાર મૂકવાનો અમારો સંકલ્પ છે.

એકબીજાને હેરાન કરવાની માનસિકતા છે કે ખરેખર બંને એકબીજાને સમજી શક્યા નથી કે અણસમજનો ભાવ બંનેને કાનુની લડત તરફ પ્રેરી જાય છે?

મહિલા સમાજ અને કાયદા
- ડૉ. ભાવના કે. જોશીપુરા

ગત્ અંકમાં આપણે ધી ફેમીલી કોર્ટસ એકટ, ૧૯૮૪ અંતર્ગત કોર્ટની હકૂમત અંગે ચર્ચા કરી રહયા હતા. મમતા અને અંકુરના કેસ અંગે આપણે જાણવાનું છે. મમતા અને અંકુરના કેઈ અંગે જોઈએ તો,

મમતા ગ્રામ્ય વિસ્તારમાં મોટી થયેલ છે અને પોતાના ગામડાની બાજુના જ ગામડામાં રહેતા અંકુર સાથે હિન્દુ શાસ્ત્રોકત વિધિ મુજબ લગ્ન બંધનથી જોડાય છે. અત્રે એ ઉલ્લેખ કરુ કે મમતા ભણેલી નથી અને અંકુર ગ્રેજયુએટ થયેલ છે. મમતા ભણેલી નથી અને અંકુર ભણેલો છે તે બાબત અંકુરના મુખેથી સોએક વાર સાંભળીને એવું લાગ્યું કે અંકુરે આ બાબત ખરેખર મમતા સાથે સગાઈ થઈ ત્યારે વિચાર કરવાનો હતો. ખેર! મમતા લગ્ન કરીને પતિ સાથે સંયુકત કુટુંબમાં રહેવા ગઈ. મમતાને સાસુ તથા જેઠાણી સાથે નાની નાની વાતમાં બોલાચાલી થતી. સાસુ અને જેઠાણી એમ માને છે કે મમતાને કાંઈ કામ આવડતું નથી. મમતા સામાન્ય ઘર સંભાળવાની બાબતોમાં પણ નિષ્ણાંત નથી. મમતા અને અંકુર અંદરો અંદરના નજીકના સગા પણ થાય છે. કેટલીક જ્ઞાતિઓમાં અંદરોઅંદરના સગા સાથે લગ્ન કરવાનો રિવાજ છે.

મમતા અને અંકુર અંદરો અંદર સગા થતા હોવાને કારણે લગ્નના શરૂઆતના સમયમાં કોઈ એકબીજા સામે કોઈ મોટી ફરિયાદ કરતું નથી. સમય જતાં મમતાને સારા દિવસો રહે છે અને જ્ઞાતિના રિવાજ મુજબ તેમજ કુટુંબની પ્રણાલિકા મુજબ મમતાનો ધામધૂમથી ખોળો ભરવાનો પ્રસંગ પણ ઉજવાય છે. તેઓના કુટુંબના રિવાજ મુજબ મમતાને ખોળો ભરીને પ્રથમ ડિલીવરી પિયર મુકામે થતી હોય પિતાને ઘેર રિવાજ મુજબ તેડી જવામાં આવે છે. મમતા અને અંકુરના લગ્નજીવનથી 'પવન'નો જન્મ થાય છે. પુત્ર પવનના જન્મ સમયે પિતા અંકુર હોસ્પિટલે પણ હાજર છે અને રિવાજ મુજબ અંકુરના ઘરના સભ્યો લાડવા લઈને તેમજ મોટી ભેટ સોગાદો લઈને પવનને રમાડવાની વિધિ સંદર્ભે મમતાને ત્યાં જાય છે. પુત્ર સવા મહિનાનો થતા મમતા અને પુત્રને અંકુરના કુટુંબીઓ તેડી આવે છે.

બાળક સાથે મમતા અંકુરના ઘરે આવ્યા બાદ તકરારનું પ્રમાણ વધી જાય છે. અંકુર, અંકુરની માતા અને અંકુરના ભાભી એવું માને છે કે મમતાને પહેલેથી જ જીવન જીવવા અંગેની કોઈ ગતાગમ નથી. મમતા તેના બાળકને પણ સાચવવા સક્ષમ નથી અને વિશેષમાં મમતાને ગામડામાં રહેવું ગમતું નથી. આવી બધી બાબતોને લઈને રોજબરોજ તકરારનું પ્રમાણ, કકળાટનું પ્રમાણ વધતું જાય છે. મમતા એક દિવસ નક્કી કરે છે કે અંકુર સાથે રહેવા માંગતી નથી. મમતા નાની અમથી બાબમાં અંકુરના વડીલ ઉપર હાથ પણ ઉગાવી લે છે.

ઉપરોકત બાબતને લઈને અંકુરનો ભાઈ નયન મમતાના વાલીને જાણ કરે છે. બંનેના કુટુંબના સભ્યો એટલે કે મમતા અને અંકુર બંનેના પરિવારજનો સાથે બેસીને ઉભા થયેલા વિવાદ અંગે ચર્ચા વિચારણા કરે છે. સમગ્ર ચર્ચાને અંતે મમતા ભવિષ્યમાં કાળજી રાખશે તેવું નક્કી થાય છે. મમતાના પરિવારજનો પોતાના ઘરે પાછા જાય છે. પરંતુ અંકુરના કહેવા મુજબ મમતા તે જ રાત્રે પોતાના પિતાના ઘરે જતા રહેવા કજિયો કરે છે અને ગામમાં નજીક રહેતા મમતાના કાકા કાકીને બોલાવવામાં આવે છે. મમતાના કાકા કાકી મમતાને તેડી જાય છે અને બીજે દિવસે મમતા કાકાના ઘરેથી પોતાના દિકરાને લઈને માતાપિતાને ઘેર ગામડે પહોંચી જાય છે.

મમતા અને અંકુર વચ્ચે જે અદાલતમાં કેસો ઉભા થયેલા છે તે જોઈએ તો, મમતા પિતાના ઘરે પહોંચીને સીધી જ પોલીસ સ્ટેશનમાં અંકુર અને તેના તમામ કુટુંબીજનો સામે ભારતીય ફોજદારી ધારાની કલમ ૪૯૮ મુજબ ફરિયાદ દાખલ કરે છે. મમતા સ્ત્રી ધન તથા કરિયાવર સાસરી પક્ષ પાસે પચાવી પાડેલ છે તેવી ફરિયાદ કરે છે. અલબત, ફરિયાદ પહેલા અરજી સ્વરૂપે રહે છે અને એક સંસ્થા મારફત બંને વચ્ચે સમાધાનના પૂયાસો પણ થાય છે. અંકુર સ્પષ્ટપણે માને છે કે મમતા સાથે લગ્નજીવન ચાલે તેમ નથી અને તેથી મમતાના પરિવારજનો ઉશ્કેરાઈ જઈને અંકુરના કુટુંબના તમામ સભ્યો સામે પોલીસ કાર્યવાહી કરે છે. આમ જોઈએ તો માત્ર મમતા જ નહિં અનેક દીકરીઓ જે કરિયાવર અને સ્ત્રીધન અંગે ફરિયાદ દાખલ કરે છે તેમાં પતિની પરિણિત બહેનોના નામ, બહેનોના પતિના નામ એટલું જ નહીં કેટલાક કેસોમાં તો મોટી ઉમરના ફઈબા અને ફુવાના નામોનો પણ સમાવેશ કરવામાં આવે છે. ઘણીવાર તો કોઈ સગા કે સંબંધી જે મધ્યસ્થીમાં બંનેના પ્રશ્નો અંગે વચ્ચે રહયા હોય તેઓને પણ ફરિયાદમાં તોહમતદાર તરીકે સામેલ કરી દેવામાં આવે છે.

ભારતીય ફોજદારી ધારાની કલમ ૪૯૮ (ક) અંગે આપણે અગાઉ વિગતવાર ચર્ચા કરી છે. દરેક કુટુંબને જો પત્નિ ઘર છોડીને જાય તો ફોજદારી કાયદા અંગે ખૂબ જ ડર રહે છે. હાલમાં જ સર્વોચ્ચ અદાલતે ઠરાવેલ છે કે ભારતીય ફોજદારી ધારાની કલમ ૪૯૮ અંતર્ગતની ફરિયાદમાં પોલીસ સ્ટેશનમાં જ જામીન મુકત થઈ શકાશે. અનેક કેસોમાં ફરિયાદમાં જે વધારાના આરોપીઓને જોડવામાં આવ્યા હોય તો આવી વ્યકિતઓ જે તે રાજયની વડી અદાલતમાં પોતાના વિરુધ્ધ પોલીસમાં દાખલ થયેલ ફરિયાદમાંથી નામ કમી કરવા અંગે અરજીઓ કરે છે. આવી ઘણી અરજીઓમાં વડી અદાલત કેટલીકવાર આરોપીઓના નામ કમી પણ કરે છે. સ્ત્રીઓની સામાજિક સ્થિતિની સુધારણા સંદર્ભે ભારતીય ફોજદારી ધારામાં કલમ ૪૯૮ (ક) ઉમેરવામાં આવી છે તે બાબત પણ તેટલી જ સત્ય અને વાસ્તવિક છે, પરંતુ,

ભારતીય ફોજદારી ધારાની કલમ ૪૯૮ (ક) સમાજ જીવન પર ગંભીર અસર એ બાબત પણ રાષ્ટ્રીય લેવલે બહુ ચર્ચિત મુદ્દો છે. હજુ હમણાં જ આકાશવાણી પરથી અમોને પણ આ બાબતમાં વિધાયક અને નકારાત્મક અભિગમ સંદર્ભે ખાસ વાર્તાલાપનું આયોજન કરવા લેખકને નિમંત્રિત કરેલ છે. હમણાં તો એવા કેસો પણ વધારે જોવા મળે છે કે પતિ કે પત્નિ પરદેશથી આવ્યા હોય તો બે માંથી કોઈ એક પક્ષકાર ફરિયાદ અરજી દાખલ કરીને પાસપોર્ટ જપ્ત કરી લેવા સંદર્ભે તુરત જ કાર્યવાહી કરે છે. એવું લાગે કે જે પતિ અને પત્નિ એક બીજા સાથે સમર્પિત ભાવથી જોડાયેલા હોય તેઓ બંને વચ્ચે એવો તો કેવો વિખવાદ ઉભો થાય છે કે જાણે બંને એકબીજાના દુશ્મનો હોય તે પ્રકારનું વર્તન કરે છે.

ઉપરોકત બાબતમાં એકબીજાને હેરાન કરવાની માનસિકતા છે કે ખરેખર બંને એકબીજાને સમજી શકયા નથી કે અણસમજનો ભાવ બંનેને કાનુની લડત તરફ પ્રેરી જાય છે?

મમતા અને અંકુરના અન્ય થયેલા કેસો તેમજ ધી ફેમીલી કોર્ટસ એકટ સાથે મળીએ આવતા અંકે...